Extra No. 200

© 

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] SATURDAY, JULY 25, 2026 / SRAVANA 03, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા:**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૧૫/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/ધ્વનિ પ્રદુષણ/જાહેરનામું/૮૫૨/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૩(૧), ૩૭(૧) (એફ)અન્વયેનું**

નં.ડીસી/પી.ઓ.એલ.-૨/ ધ્વનિ પ્રદુષણ/જાહેરનામું/વશી/૮૮૮/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના ઉક્ત વંચાણે લીધેલ પત્રની વિગતે, જિલ્લામાં વિવિધ ધાર્મિક તથા સામાજિક સમારોહો, સરઘસો, રેલીઓ અને વરઘોડાઓ યોજાતા હોય છે. આવા પ્રસંગોએ ધ્વનિની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ તીવ્ર અવાજે માઇક, લાઉડસ્પીકર તથા ડી.જે. સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત, જાહેર માર્ગો પર લાંબા સમય સુધી ઉભા રહી ડી.જે. વગાડવાના કારણે ટ્રાફિકમાં અવરોધ સર્જાઈ ટ્રાફિકજામની સ્થિતિ ઊભી થાય છે. વધુમાં, કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત તથા ગીતો વગાડવાના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં તેમજ દર્દીઓ, વરિષ્ઠ નાગરિકો અને સામાન્ય જનતાના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર થાય છે. વધુમાં, કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં આવા ઘોંઘાટને કારણે સંપ્રદાયિક તણાવ કે અથડામણો સર્જાવાની શક્યતા પણ રહેલી છે. તેમજ માર્ગો ઉપર ડી.જે. સાથે વરઘોડા કે જાન નીકળતી વખતે ડી.જે.ના વધુ અવાજને કારણે વાહનોના હોર્ન સંભળાતા ન હોવાથી માર્ગ અકસ્માતની શક્યતા વધે છે. તેથી, સાબરકાંઠા જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ-શાંતિનો ભંગ ન થાય તે હેતુસર જાહેરહિતમાં નીચે જણાવેલ નિયમો અને શરતોને આધીન રહી નીચે દર્શાવેલ કૃત્યો પર પ્રતિબંધ મૂકવો આવશ્યક જણાય છે.

દરેક માઇક/લાઉડસ્પીકર/ડી.જે. સિસ્ટમના સંચાલકોએ ધ્વનિ પ્રદૂષણ અટકાવવા બાબતે માનનીય સુપ્રીમ કોર્ટ ધ્વારા સમયાંતરે આપવામાં આવેલ માર્ગદર્શક ચુકાદાઓ તેમજ ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય ધ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૬ અને ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ અંગે તા. ૧૪/૦૨/૨૦૦૦ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેમાં તા.૧૧/૦૧/૨૦૧૦ના રોજ સુધારો કરવામાં આવેલ છે. આ નિયમો અનુસાર Noise Standards નક્કી કરવામાં આવેલ છે, જેનું તમામ સંબંધિત વ્યક્તિઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**Noise Standards**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ (DB(A)Leq | |
|---|---|---|---|
| | | સવારના કલાક ૬/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી | રાત્રીના કલાક ૨૨/૦૦ થી સવારના કલાક ૬/૦૦ સુધી |
| એ. | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી. | વાણીજય | ૬૫ | ૫૫ |
| સી. | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી. | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળી જેવા તહેવારો દરમિયાન ફટાકડા ફોડવાના કારણે તેમજ અન્ય ધાર્મિક અને સામાજિક તહેવારો, લગ્ન પ્રસંગો, સરઘસો, મેળાવડા અને જાહેર કાર્યક્રમો દરમિયાન લાઉડસ્પીકર, ડ્રમ, Public Address System, ડી.જે. સિસ્ટમ તથા અન્ય ધ્વનિ ઉત્પન્ન કરતા સાધનોના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. વધુમાં, રહેણાંક વિસ્તારોમાં ચાલી રહેલી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, વાહનોની અવરજવર, બિનજરૂરી રીતે હોર્ન વગાડવા, તેમજ બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા મશીનો, સાધનો અને અન્ય ઉપકરણોના ઉપયોગને કારણે પણ ધ્વનિ પ્રદૂષણ સર્જાતુ હોય છે, જેના પરિણામે જાહેર શાંતિમ તથા સામાન્ય જનતાના સ્વાસ્થ્ય, અભ્યાસ, આરામ અને જીવનની ગુણવત્તા પર પ્રતિકૂળ અસર થાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

## જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

## જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૫૦૭/૨૦૨૬ના કલાક ૦૦-૦૨ થી તા. ૦૮/૦૮/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ (બંને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

## "પ્રતિબંધિત કૃત્ય"

- સક્ષમ સત્તાધિકારી પાસેથી લેખિત પરવાનગી મેળવ્યા વિના લાઉડસ્પીકર Public Address Systemનો ઉપયોગ કરવામાં આવશે નહીં.
- લાઉડસ્પીકર, Public Address System, અવાજ ઉત્પન્ન કરતું કોઈપણ સાધન, સંગીતનું કોઈપણ વાદ્ય અથવા ધ્વનિ પ્રવર્ધક (Sound Amplifier) નો રાત્રિના સમયે ઉપયોગ કરવામાં આવશે નહીં. જોકે, ઓડિટોરિયમ, કોન્ફરન્સ રૂમ, કોમ્યુનિટી હોલ, બેન્ક્વેટ હોલ જેવા બંધ પરિસરોમાં આંતરિક સંચાર (Internal Communication) માટે અથવા કટોકટી (Emergency) દરમિયાન તેનો ઉપયોગ કરી શકાશે.
- જ્યાં લાઉડસ્પીકર, Public Address System અથવા અન્ય કોઈ અવાજ ઉત્પન્ન કરતો સ્ત્રોત ઉપયોગમાં લેવાતો હોય તે જાહેર સ્થળે અવાજની માત્રા, તે વિસ્તાર માટે Noise Standard કરતાં 10 dB(A)થી વધુ અથવા 75 dB(A)થી વધુ, બંનેમાંથી જે ઓછું હોય તેનાથી વધુ હોવો જોઈશે નહી.
- ખાનગી સ્થળે Sound System અથવા ધ્વનિ ઉત્પન્ન કરતું કોઈપણ સાધન ધ્વારા ઉત્પન્ન થતો Peripheral Noise Level, વિસ્તાર માટે નિર્ધારિત Noise Standard કરતાં 5 dB(A)થી વધુ નહીં હોવો જોઈએ.
- માઈક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર, સમગ્ર સાબરકાંઠા જિલ્લાના હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજીક, અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસતા કે જાહેર જગયામાં ઉપયોગ માટે તેમજ રહેણાંકોની પાસે નજીકમાં આવેલ પાર્ટી પ્લોટ અને ખાનગી માલિકીની ખુલલી જગયામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.
- હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થ સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને 'શાંત વિસ્તાર' તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

- એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઇક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.
- રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.
- ડી.જે સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલસ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈઓ મુજબ એમ્બીઅન્ટ એર કવોલેટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી.જે સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતાં હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.
- ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશન મુજબ કોઈપણ ઉત્પાદક / ડીલર / દુકાનદાર / એજન્સી /વ્યકિત / વ્યકિતઓના સમુહ ધ્વારા ધ્વની નિયંત્રક (સાઉન્ડ લીમીટર) વગરની Public Address System/Loud Speaker/Sound Systemનું વેચાણ/ખરીદ/સપ્લાય/ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**માઇક સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિક/ભાગીદારે પરવાનગી અરજી સંબંધિત પ્રાંત/મામલતદાર કચેરી ખાતે અરજી ૭-દિવસ પહેલા જે તે આયોજકે કરવાની રહેશે. આ ઉપરાંત સદરહું કાર્યક્રમ કે સભા સરઘસ અંગે આયોજક સિવાય જે તે ડીજે/લાઉડ સ્પીકર માલીક/સંચાલક/ ઓપરેટર ધ્વારા પણ અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. આયોજકની પુરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાની આપીને ફક્ત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે. આ જ નિયમ ડીજે/લાઉડ સ્પીકર અંગેની પરવાનગી માગનારને પણ લાગુ પડશે.

૩. આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operatorએ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના ધ્વારા પણ ઉપરોકત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

૪. જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડ સ્પીકર માલિક/સંચાલક/operatorએ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાહેધરી આપવી પડશે. અવાજનું સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતા વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી ધ્વારા થનાર નિયમોનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે.

૫. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૬. સાબરકાંઠા જિલ્લાના વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્ર નો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ કેલાવી શકશે નહીં.

૭. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૮. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૯. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે મંજુરી આપેલ સ્થળ ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેની પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૧૦. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૧૧. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ૬.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

**નોંધ:-**

ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ૬.૨૨:૦૦ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૧૨. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૧૩: મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રની અવાજ એ વાતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૪: ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પ્રાંત/મામલતદારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૫. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૬. સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/operatorને મંજુરી આપવાના કેશ નહી.

**શિક્ષા**

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) - ૨૦૨૩ની કલમ-૨૨૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૧,૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૧૩૧, ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે. ૨૨૩ તથા ગુજરાત

આજ તા.૩૦/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

**લલિત નારાયણ સિંઘ સાંદુ**
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:42:42 IST